

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને આદરણીય મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂજી સાથે શુભેચ્છા મુલાકાત કરતા વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરી ચેરમેન શંકરભાઈ ચૌધરી નજરે પડે છે.

# પ્રાંતિજના રામપુરા વહાણવટી મંદિર ખાતે સમુહ લગ્નોત્સવ યોજાયો

### બાવન સો પરગણા વણકર સમાજનો ૧૮મો સમુહ લગ્નોત્સવ યોજાયો

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુરા ખાતે આવેલ વહાણવટી મંદિર પરિસર માં બાવન સો પરગણા વણકર સમાજનો ૧૮ મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો જેમા ૨૦ નવદંપતિઓએ પ્રભુતામા પગલાં પાડયા હતા.



પ્રાંતિજના રામપુરા ખાતે આવેલ વહાણવટી માતાના મંદિર ખાતે બાવન સો પરગણા વણકર સમાજ નો ૧૮ મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો જેમા ૧૨૦૦૦ થી વધુ સમાજ ના લોકો ઉપસ્થિત રહ્યા હતા તો સમુહ લગ્નોત્સવ માં ૨૦ નવદંપતિઓએ સમાજ ના રીતરીવાજ મુજબ પ્રભુતામા પગલા પાડયા હતા તો સમુહ લગ્નોત્સવ કમિટી ના જશુભાઈ સુતરીયા અને કિશોરભાઈ સહિત ટીમ દ્વારા ઉપસ્થિત સોવકોઈ નો આભાર વ્યક્ત કર્યો હતો અને આભાર માન્યો હતો તો લગ્નોત્સવ કમિટી દ્વારા દરવર્ષ ની જેમ આ વર્ષેપણ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ તો દાતાઓ દ્વારા સુંદર દાન ભેટો આપીને સમુહ લગ્નોત્સવ ની શોભામા ચાર ચાંદ લગાવી દીધા હતા.



### ડીસા- પાલનપુર હાઇવે ઉપર બોલેરોને ડમ્પરે ટક્કર મારી

ડીસા -પાલનપુર નેશનલ હાઈવે પર આવેલ મોટા ગામ પાસે ડમ્પર ચાલકે બોલેરો ગાડીને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.જેમાં ડીસાથી પાલનપુર તરફ જઈ રહેલી બોલેરો ગાડીને પાછળથી આવી રહેલા ડમ્પર ચાલકે ટક્કર મારતા અકસ્માત થયો હતો.અકસ્માતના પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. અકસ્માતમાં બોલેરો ગાડી પલટી ખાઈ ડિવાઈડર પર ચડી ગઈ હતી. ઘટનાને પગલે આજુબાજુમાંથી દોડી આવેલ લોકો તેમજ વાહન ચાલકોએ રાહત કામગીરી શરૂ કરી હતી અને બોલેરો ગાડીમાંથી ચાલકને હેમખેમ બહાર નીકાળ્યો હતો.જે અકસ્માતમાં સદનસીબે મોટી જાનહાની ટળી હતી પરંતુ બોલેરો ગાડી માલિકને મોટું નુકસાન થયું હતું.

# બનાસકાંઠામાં એક સાથે પર નાયબ મામલતદારોની આંતરિક બદલીઓ કરાઈ

પાલનપુર,તા. ૮

બનાસકાંઠા જિલ્લામાં આજે સાગમટે નાયબ મામલતદારોની બદલીઓ કરવામાં આવી છે. ચૂંટણી સમયે ફરજમાં નિમાયેલ અધિકારીઓની કામગીરી પૂર્ણ થતા અને વહીવટી સરળતા ખાતર જિલ્લા કલેકટરે કુલ ૫૨ નાયબ મામલતદારોની આંતરિક બદલીઓ કરી છે.

ચૂંટણીની કામગીરી પૂર્ણ થતા બદલીઓ કરાઈ

વિધાનસભાની ચૂંટણીમાં જિલ્લાભરમાં સ્પેશિયલ કામગીરી માટે અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી. જિલ્લાની ૯ વિધાનસભા બેઠકમાં અલગ અલગ જગ્યાએ અધિકારીઓની નિમણૂક કરી ચૂંટણી લક્ષી કામગીરી સોંપવામાં આવી હતી. હવે ચૂંટણીની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને જાહેર હિત તેમજ વહીવટી સરળતા ખાતર જિલ્લા કલેકટર આનંદ પટેલે જિલ્લામાં એક સાથે ૫૨ નાયબ મામલતદારોની બદલીનો હુકમ કર્યો છે. જેમાં જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા પુરવઠા ઓફિસ, પ્રાંત ઓફિસ અને મામલતદાર કચેરીમાં અલગ અલગ વિભાગમાં ફરજ બતાવતા કુલ ૫૨ અધિકારીઓની બદલીનો હુકમ કર્યો છે.

### બાઇક ઉપર જઇ રહેલ પતિ-પત્નીનુ અકસ્માતમા મોત

# પ્રાંતિજના ઓરાણ પાટીયા પાસે કાર ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારી

### બાઇક ઉપર જઇ રહેલ પતિ-પત્ની ઈજાઓ પોહચતા સારવાર મળે તે પહેલા મોત : મૃતક પતિ પત્ની પ્રાંતિજના વડવાસાના રહેવાસી

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ઓરાણ પાટીયા પાસે કાર ચાલકે બાઈક ચાલક ને પાછળથી ટક્કર મારતા બાઈક ઉપર જઈ રહેલ પતિ-પત્ની ને જીવલેણ ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા પણ સારવાર મળે તે પહેલાજ બન્નેનુ મોત નિપજયુ.

અમદાવાદ હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના ઓરાણ પાટીયા પાસે અમદાવાદ તરફ થી હિંમતનગર તરફ જતી કાર નંબર GJ09BC7377નો ચાલક ફુલફાસ્ટ ગફલત ભરી રીતે હંકારી લાવી આગળ જઈ રહેલ બાઈક નંબર-GJ09DF2206 ને પાછળથી આવીને ટક્કર મારતા બાઈક ઉપર જઈ રહેલ પ્રાંતિજ ના વડવાસા ના પતિ-પત્ની ને જીવલેણ ઈજાઓ પોહચી હતી તો અકસ્માત ને લઈ ને લોકો ના ટોળી ટોળા ધટના સ્થળે દોડી આવ્યા હતા તો ઈજાગ્રસ્ત પતિ પત્નીને નેશનલ હાઈવે ની એમ્બ્યુલન્સ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા પણ સારવાર મળે તે પહેલાજ વડવાસા ના બાઈક ચાલક મકવાણા રામાજી મોહનજી તથા તેમના પત્ની મકવાણા કલીબેન નુ મોત નિપજયુ હતુ તો અકસ્માત ને લઈ ને પ્રાંતિજ પોલીસ પણ ધટના સ્થળે દોડી આવી હતી અને રોડ ઉપર થયેલ ટ્રાફિક દુર કર્યો હતો અને આગળની કાર્યવાહી હાથધરી હતી તો પતિ -પત્ની નુ કમકમાટી ભર્યુ મોત ના સમાચાર વડવાસા ખાતે પોંહચી જતા ગામમા શોક નુ મોજુ ફરી વળ્યુ હતુ.

# પાલનપુરના વિજય હનુમાન મંદિરે પાટોત્સવની ધામધૂમથી ઉજવણી



પાલનપુર તા.૮

પાલનપુરના રામલીલા મેદાન પાસે આવેલા પૌરાણિક શ્રી વિજય હનુમાન મંદિરે ગતરોજ મંદિર નો પાટોત્સવ રામધૂનથી યોજાયો હતો.

મંદિરના પાટોત્સવ પ્રસંગે રાજસ્થાન મહારાષ્ટ્ર અને ગુજરાતના ભાવિકો દૂરથી પધાર્યા હતા જ્યારે હરિદ્વાર થી સાધુ સંતો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર વિજય હનુમાન મંદિર ના શ્રીમદ પરમહંસ પરીવરાજકાચાર્ય ક્ષત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત વિભૂષિત મહામંડલેશ્વર શ્રી કલ્યાણનન્દગીરીજી મહારાજ ના શિષ્ય મહંત સ્વામી શ્રી રામેશ્વર આનંદ ગીરીજી મહારાજ અને વિજય હનુમાન સન્યાશ આશ્રમ ના સમસ્ત ટ્રસ્ટી અને ભાવિકોએ મંદિરના પાટોત્સવમાં ઉત્સાહભેર ભાગ લઈ ધર્મ ભક્તિમાં મગ્નબન્યા હતા.

છેલ્લા બે વર્ષથી વધુ સમયથી મંદિરમાં વિશ્વ શાંતિ કલ્યાણ અર્થે મહાયજ્ઞ ચાલી રહ્યો છે. મંદિરના શાસ્ત્રી શ્રી જીગ્નેશ ભાઈએ જણાવ્યું હતું કે, પરમ પૂજ્ય કલ્યાણ ગીરીબાપુ ના આશીર્વાદથી પાલનપુર સહિત સમગ્ર દેશ ના જુદા જુદા રાજ્યોમાં આવેલા આશ્રમ અને મંદિરો ભગવાનના ભક્તોને અનંત આશીર્વાદ આપી ધર્મ ભક્તિમાં લીન બનાવ્યા છે. મંદિરમાં આગલી રાત્રે જાગરણ કરી રાજસ્થાનના બાલોતરા ના ભાવિકોએ ભજનની રમઝટ જમાવી હતી. બીજા દિવસે વિજય મુરતમાં દાદા ના મંદિરે ધ્વજારોહણ વૈદિક મંત્રોચાર સાથે સંપન્ન કરાયું હતું. નજીક આવેલી શાળાના વિદ્યાર્થીઓને ભોજન પ્રસાદ અપાયો હતો.

પાલનપુરના અને આસપાસના ગામો સૌરાષ્ટ્ર કચ્છ દૂર દૂરથી ભાવિકો અત્રે મંદિરના પાટોત્સવમાં પધારી ધન્ય ધન્ય બન્યા હતા.

# જિલ્લામાં ૧ એપ્રિલથી ૧૫ વર્ષ જૂના વાહનો માટે ફીટનેશ સર્ટી ફરજીયાત

### મોટર વ્હીકલ એક્ટમાં અનફીટ વાહનો ભંગારમાં જશે: વાહન વ્યવહાર કચેરી દ્વારા કડક અમલ કરાશે

બાયડ, તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં માર્ગો ઉપર દોડતાં ૧૫ વર્ષથી જૂના વાહનો માટે ૧ એપ્રિલથી ફીટનેશ સર્ટીફીકેટ જરુરી બન્યું છે. વાહન વ્યવહાર કચેરી દ્વારા આવા વાહનોના ફીટનેશ સર્ટી તાકીદે મેળવી લેવા માટે તાકીદ કરવાની સાથે અનફીટ જાહેર થનાર વાહનોને ભંગારવાડે મોકલવાની તૈયારીઓ થઈ છે. બંન્ને જિલ્લામાં એક અંદાજ મુજબ ૧૬ હજારથી પણ વધુ વાહન ચાલકોએ ફીટનેશ સર્ટી મેળવવું ફરજીયાત બની શકે છે.

કેન્દ્ર સરકારના વાહન વ્યવહાર મંત્રાલયના કાયદા મુજબ વાહનોને માર્ગ ઉપર અવર જવર કરવા માટે ૧૫ વર્ષ જૂના વાહનો માટે ફીટનેશ સર્ટી ફરજીયાત કરવામાં આવ્યું છે. વાહન ચાલકોને કાયદા મુજબ ફીટનેશ સર્ટી વગરના વાહનો લઈને ફરવા ઉપર પાબંધી આવવાની સાથે આવા વાહનોને ભંગારમાં મોકલવા પડે તેવી સ્થિતિ ઉભી થશે. જિલ્લામાં ફીટનેશ એક્સપાયર થયું હોય તેવા વાહનોમાં સૌથી વધુ ટુ-વ્હીલર વાહનો માટે વાહન ચાલકોએ ફીટનેશ સર્ટી માટે અત્યારથી દોડધામ મચાવી છે. બંન્ને જિલ્લામાં એક અંદાજ મુજબ ૧૬ હજારથી પણ વધુ વાહનોને ફીટનેશ સર્ટીની જરુરીયાત ઉભી થઈ શકે છે. જિલ્લામાં મોટર વ્હીકલ એક્ટની જોગવાઈઓનો કડકાઈથી અમલ થાય તે માટે વાહન વ્યવહાર કચેરી દ્વારા પણ તૈયારીઓ કરી લેવામાં આવી છે. જિલ્લામાં ૧૫ વર્ષ કે તેથી વધુ સમયમર્યાદા ધરાવતા અને કીલોમીટર પૂર્ણ થઈ ગયા હોય તેવા વાહન ચાલકોએ એપ્રિલ માસની શરુઆત પહેલાં ફીટનેશ સર્ટી મેળવી લેવું પડશે. જો ફીટનેશ સર્ટી નહીં હોય તો વાહનોને અણફીટ ગણી ભંગારમાં ગણવામાં આવશે. વાહન ચાલકોએ વાહનોને ભંગારમાં મોકલવા ન હોય તેમને ફરજીયાતપણે ફીટનેશ સર્ટી મેળવી લેવું પડશે. બંન્ને જિલ્લામાં અમલમાં આવનાર મોટર વ્હીકલ એક્ટની જોગવાઈઓનો સખ્તાઈથી અમલ કરવા માટે વાહન વ્યવહાર કચેરી દ્વારા જૂના વાહનોના ડેટા તૈયાર કરી વાહન ચાલકોને તાકીદે ફીટનેશ સર્ટી મેળવી લેવા માટે જણાવવામાં આવ્યું છે. સરકારે પોલીસી જાહેર કર્યા પછી આર.ટી.ઓ. કચેરીમાં વાહનોના ફીટનેશ સર્ટી લેવા માટે દૈનિક ૮ થી ૧૦ વાહન ચાલકો કચેરીની મુલાકાત લઈ રહ્યા છે.

**સ્ક્રેપ પોલીસીની ગાઈડલાઈન મળી નથી - આર.ટી.ઓ. કચેરી**

હિંમતનગર આર.ટી.ઓ. અધિકારી તપન મકવાણાએ જણાવ્યું હતું કે ૧ એપ્રિલથી ૧૫ વર્ષ જુના વાહનો માટે ફીટનેશ સર્ટી ફરજીયાત બનાવવામાં આવ્યા છે પરંતુ સ્ક્રેપ પોલીસી અંગેની ગાઈડલાઈન હજુ અમલી બની નથી. વાહનોના ફીટનેશ સર્ટી માટે હાલમાં આર.ટી.ઓ. કચેરીમાં છ થી ૮ વાહન ચાલકો મુલાકાત લઈ રહ્યાનું જણાવ્યું હતું.

# ધાનેરા ખાતે સંત શ્રી રવિદાસની ૬૪૬મી જન્મ જયંતિની ઉજવણી

ધાનેરા તા.૮

ધાનેરા ખાતે લાધાપુરા વિસ્તારમાં આવેલ રામદેવપીરના મંદિરે તથા વજાભાઇ ગલચરના ઘરે સંત શિરોમણી ગુરૂ રવિદાસ ની ૬૪૬ મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.



આ કાર્યક્રમ પ્રસંગે સંતો અને આગેવાનો એ સંત રવિદાસ ના જીવન ચરિત્ર વિશે માહિતી આપી સમાજને શિક્ષણ, કુરીવાજો અને વ્યસન જેવા અનેક વિષયો ઉપર માર્ગદર્શન આપેલ તથા લોકો અંધવિશ્વાસ જેવા ભુવા ભોપાડા માં લોકો સપડાઈ જઈ ને પૈસામાં બરબાદી થઈ જાય છે.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,ભ્રૂણ હત્યા ના થવી જોઈએ દીકરી ભણાવો તેમજ અંધ વિશ્વાસ માંથી બહાર આવો દારૂ વ્યસન થી લોકો ના ઘર બરબાદ થઈ રયા છે આવામાં વ્યસન મુકત થાઓ સારા કાર્યમાં સહભાગી બનો તેવી માર્ગ દર્શન આપી લોકો ને જાગૃત કરવામાં અપીલ કરી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે ડૉ. એમ એસ અગ્રવાલ,અનું જાતિ જિલ્લા ભાજપ મંત્રી કાન્તિભાઈ ડાભી પૂર્વ પાલિકા કારોબારી ચેરમેન હંસાભાઈ પરમાર, રડમલભાઈ સોલંકી સુરેશભાઈ વી. ગલચર પોપટભાઈ ગલચર, રામભાઈ સોલંકી સહિત સંતો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના તાજપુર ખાતે રોડની બાજુમા આવેલ ગટર લાઈનમાં ટ્રક ફસાઈ





પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના તાજપુર પાસે રોડની બાજુમા બનાવવામા આવેલ ગટરલાઈન મા ટ્રક નુ ટાયર ધુસી ગયુ. અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવેઆઠ ઉપર હાલ ચ સીક્સ લાઈન નુ કામ ચાલી રહ્યુ છે અને રોડની બાજુની બન્ને સાઈડોમા વરસાદી પાણી માટે ગટરલાઈનનુ કામ કરવામા આવ્યુ છે જેમા ગટરલાઈન ઉપર ટ્રક નુ ટાયર ચડીજતા ટ્રક નુ આગળ નુ ટાયર આરસેસી તોડી અંદર ગટરલાઈન મા ધુસી ગયુ હતુ તો એક કલાક ની ભારે જહેમત બાદ ટ્રક ને બહાર કાઢવામા આવી હતી તો રોડ કોન્ટ્રાક્ટર દ્વારા હલકી ગુણવત્તા નુ કામ થયુ હોવાનુ બહાર આવ્યુ.

# પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ ખાતે ફુડ ફેસ્ટિવલ કાર્યક્રમ યોજાયો






પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ખાતે ફુડ ફેસ્ટિવલ કાર્યક્રમ યોજાયો જેમાં બાળકો દ્વારા જાતે બનાવેલ ખાણી-પીણી ના સ્ટોર્સ ઉભા કરવામાં આવ્યા હતાં જેમાં બાળકો એ વેપાર કરી આનંદ માણ્યો હતો. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તાર માં આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવરઓન ઈંગ્લીંશ મીડીયમ સ્કૂલ ના ૧થી૧૦ ના વિધાર્થીઓ દ્વારા ૪ ફેબ્રુઆરી શનિવાર ના રોજ શાળામાં ફુડ ફેસ્ટિવલ ના કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં શાળા ના વિધાર્થીઓ દ્વારા શાળા માં ખાણી-પીણી ના સ્ટોર્સ ઉભા કરવામાં આવ્યાં હતાં જેમાં પાણી પુરી, સમોસા, ગુવાબ જાંબુ, સેન્ડવીચ, મરચુરીયમ, આઈસ્કીમ, ઠંડા-પીણા સહિત વિવિધ ખાણી-પીણી સ્ટોર્સ બનાવવામાં આવ્યા હતાં તો વિધાર્થીઓ દ્વારા જાતે બનાવીને વેપાર કરવામાં આવ્યો હતો તો ફુડ ફેસ્ટિવલ કાર્યક્રમ માં વાલીઓ તથા સંગાસંબધીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં અને તેમણા બાળકો એ બનાવેલ વાનગીઓ તથા સ્ટોર્સ ઉપર જઈને ખાણી પીણી નો સ્વાદ માણ્યો હતો તો બાળકો એ પણ વેપાર કરી આનંદ માણ્યો હતો અને ખુશી વ્યક્ત કરી હતી તો આટલી નાની ઉમરે વેપાર કરી ધંધા વિષે માહિતગાર થયાં હતાં તો ઉપસ્થિત સોવકોઈ એ બાળકોને નાની ઉમરે વેપાર કરતા જોઈને ખુશી વ્યક્ત કરી હતી તો આ પ્રસંગે સંસ્થા ના મંત્રી રઈશભાઈ કસ્બાતી, ઈંગ્લીંશ મીડીયમ સ્કૂલ ના પ્રિન્સિપાલ દર્શિલ ભાઈ દેસાઈ , પ્રિન્સીપાલ જાગૃતિબેન શાહ , રેખાબેન ગુપ્તા , જાગૃતિબેન પટેલ સહિત શાળા પરિવાર સ્ટાફ દ્વારા બાળકો ને માર્ગદર્શન પુરૂ પાડયું હતું તો વાલીઓ સહિત સંગાસંબધીઓ તથા પ્રાંતિજ ના લોકો એ ફુડ ફેસ્ટિવલ કાર્યક્રમ ઉપસ્થિત રહ્યાં હતાં અને ખાણી પીણી નો સ્વાદ માણ્યો હતો

# જુનાડિસામાં મોટા પુત્રએ પિતા સાથે ૨૬.૯૨ લાખની છેતરપીંડી કરી ઘરમાંથી કાઢી મુકતા ફરિયાદ નોધાઈ

ડીસા, તા. ૮

જુનાડીસામાં નિવૃત પિતાને મળેલા પેન્શન, ગ્રેજ્યુટીના રૂપિયા ૨૬.૯૨ લાખ એ.ટી.એમમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતાં મોટા પુત્રએ સેરવી લીધા. પોતાની સાથે થયેલી છેતરપીંડી અંગે કહેવા જતાં પુત્રએ જાનથી મારી નાંખવાની ધમકી આપી ઘરમાંથી હાંકી કાઢ્યા હતા. આ અંગે તેમણે પુત્ર સામે ફરિયાદ નોંધાવી હતી.

જુનાડીસા શુભમંગળ સોસાયટીમાં રહેતા કાન્તિભાઈ ગમાનભાઈ માજીરાણા ડીસાના લોરવાડા ગામે રેલવે ટ્રેક મેઈન્ટેનર તરીકે ફરજ બજાવી નિવૃત થયા હતા. અને મોટા પુત્ર મહેશ સાથે રહેતા હતા. જે તેમના બેંકના તમામ કાગળો સહિતની લેવડ- દેવડ કરતો હતો. જેણે કાન્તિભાઈનું એટીએમ લઈ તેમનો ગુપ્ત નંબર લીધો હતો. અને પોતાનું યુ.પી.આઈ બનાવી ટુકડે ટુકડે રૂપિયા ૨૬,૯૨,૨૨૭ તારીખ ૫ જાન્યુઆરી ૨૧ થી ૧૪ મે ૨૦૨૨ દરમિયાન ટ્રાન્સફર કરી દીધા હતા.

આ અંગે મહેશને કહેવા જતાં તેણે જો આ પૈસા બાબતે કોઈને જાણ કરશો તો જાનથી મારી નાંખીશ તેમ કહી ઘરમાંથી હાંકી કાઢ્યા હતા. આ અંગે કાન્તિભાઈએ પોતાના પુત્ર સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બીજી બાજુ મહેશ માજીરાણાએ પિતા સાથે છેતરપીંડી કરી તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી ઘરમાંથી હાંકી કાઢ્યા હતા. આથી કાન્તિભાઈ ઘરડા ઘડપણે પત્નિ અને નાના પુત્ર સાથે ભાડાના મકાનમાં રહેવા મજબુર બન્યા છે.

કાન્તિભાઈ નિવૃત થયા પછી તેમને નિવૃતિના નાણાં મળવાના હતા. જેની અમદાવાદ તપાસ કરવા ગયા ત્યારે જાણવા મળ્યુ હતુ કે, ખાતામાં રૂપિયા ૩૨ લાખ જમા થઈ ગયા છે. આથી ડીસાની બેંકમાં તપાસ કરતાં તેમના પુત્રએ રૂપિયા ૨૬.૯૨ લાખ ટ્રાન્સફર કરી દીધા હોવાનું સામે આવ્યું હતુ.